UNIVERSITY GRANTS COMMISSION
UGC : HUMAN RESOURCE DEVELOPMENT CENTRE
Saurashtra University
Opp. Girnar Boys Hostel, University Campus, Rajkot - 360 005, Gujarat - India
Phone : 0281-2577679, Fax 0281-2585204, Website : www.hrdcrajkot.org - E-mail : info@ascrajkot.org - kaladhar@ascrajkot.org

*Prof. Kaladhar Arya*
*Professor - Director*

*Date:17 /01/2020*

યુજીસીઃ માનવ સંસાધન વિકાસ કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની શૈક્ષણિક સલાહકાર સમિતી (AAC) ની ૨૫ મી બેઠક તા. ૧૬/૧/૨૦૨૦ ગુરૂવારના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે આદરણિય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને મળી, જેમાં નીચે દર્શાવેલાં સદસ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

| ક્રમ નં. | નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|---|
| ૧ | ડૉ. નિતિન પેથાણી<br>કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨ | ડૉ. શિરીષભાઇ કુલકરની<br>કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વી.વી નગર | સદસ્યશ્રી | હાજર |
| ૩ | પ્રોફે. રાઘવેન્દ્ર તિવારી<br>કુલપતિશ્રી, ડો.એચ.એસ.ગૌર વિશ્વવિદ્યાલય સાગર યુનિવર્સિટી, મધ્યપ્રદેશ (એમ.પી.) | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૪ | પ્રોફે. નમ્રતા શર્મા<br>ડાયરેકટર, યુજીસીઃએચ.આર.ડી.સી., દેવી અહલ્યા યુનિવર્સિટી, ઇન્દોર | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૫ | પ્રોફે. રાકેશ મોહન<br>ડાયરેકટર, યુજીસીઃએચ.આર.ડી.સી., નોર્થ ઇસ્ટૅન હીલ યુનિવર્સિટી, સીલોંગ (મેઘાલય) | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૬ | પ્રોફે. જગદીશ જોષી<br>પ્રોફેસરઃડાયરેકટર, યુજીસીઃએચ.આર.ડી.સી., ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૭ | ડૉ. સંજય ભાયાણી<br>પ્રોફેસર-અધ્યક્ષ, વાણિજય ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | સદસ્યશ્રી | હાજર |
| ૮ | ડૉ. જી. સી. ભીમાણી<br>પ્રોફેસર-અધ્યક્ષ, આંકડાશાસ્ત્ર ભવન,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | સદસ્યશ્રી | ગેરહાજર |
| ૯ | પ્રોફે. કલાધર આર્ય<br>પ્રોફેસરઃડાયરેકટર, યુજીસીઃએચ.આર.ડી.સી., સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | સભ્ય સચિવશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ડૉ. રાજેશભાઇ આર. કાલરીયા<br>પ્રિન્સીપાલશ્રી, કણસાગરા મહિલા કોલેજ, રાજકોટ | સદસ્યશ્રી | હાજર |
| ૧૧ | રજીસ્ટ્રાર<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | વિશેષ નિમંત્રિત | હાજર |
| ૧૨ | ચીફ એકાઉન્ટ ઓફીસર<br>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ | વિશેષ નિમંત્રિત | હાજર |

સભ્યસચિવ અને નિયામકશ્રી પ્રોફે. કલાધર આર્યએ સર્વે સદસ્યશ્રીઓનું હાર્દિક સ્વાગત કર્યુ અને અધ્યક્ષની અનુમતિથી બેઠકની કાર્યવાહીનો આરંભ કર્યો જેમાં વિચાર વિમર્શના અંતે નીચે મુજબના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા.

(૧) તા. ૨૯/૭/૧૭ ના રોજ સંપન્ન થયેલી ૨૪ મી બેઠકની મીનીટસ વંચાણે લઇ મંજુર કરવામાં આવી અને અધ્યક્ષશ્રી/કુલપતિશ્રીએ તેમાં હસ્તાંક્ષર કર્યા.

(૨) UGC:HRDC, Saurashtra University ને ભારત સરકારશ્રી દ્વારા PMMMNMTT અંતર્ગત RUSA-1 તેમજ National Resource Centre (NRC) અંતર્ગત ફાળવવામાં આવેલ વિશેષ અનુદાન હેઠળ સને-૨૦૧૭ થી ૨૦૨૦ દરમ્યાન સંપન્ન થયેલાં વિવિધલક્ષી કાર્યક્રમોનો અહેવાલ રજુ કરવામાં આવ્યો જેની સહર્ષ નોંધ લઇ Team UGC:HRDC ને અભિનંદન પાઠવવામાં આવ્યા.

(3) UGC:HRDC સંચાલિત અધ્યાપક કુટિર ખાતે ૨૦૧૭-૨૦૨૦ દરમ્યાન થયેલાં ખર્ચ ની નોંધ લેવામાં આવી અને નાણાંકિય વર્ષ એટલે કે તા. ૧-૪ થી ૩૧-3 પધ્ધતિ પ્રમાણે હિસાબો તૈયાર કરી આગામી બેઠકમાં રજુ કરવા તેવું ઠરાવવામાં આવ્યું.

(૪) સચિવશ્રી U.G.C New Delhi ના D.O. F-3-1/2019(HRDC) Dt. 19/3/2019 અન્વયે અત્રેની નોંધ ક્રમાંક UGC:HRDC/SUR/544/2019, Dt. 22/3/2019 પર પ્રાપ્ત થયેલા આ કુલપતિશ્રીના આદેશ અનુસાર કરવામાં આવેલી કાર્યવાહી સર્વાનુંમતે મંજુર કરવામાં આવી.

(૫) વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ ન્યુ દિલ્હી દ્વારા તા. ૬/૯/૨૦૧૯ થી પ્રસિધ્ધ કરવામાં આવેલી માર્ગદર્શિકા સ્વીકારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૬) Under Secretary, UGC, New Delhi તરફથી પ્રાપ્ત થયેલા તા. ૬/૧/૨૦૨૦ ના ઇમેઇલથી માંગવામાં આવેલી વિગતો અત્રેના પત્ર ક્રમાંક UGC:HRDC/SUR/368/2020, Dt. 7/1/2020 થી મોકલવામાં આવી હતી જેની નોંધ લેવામાં આવી.

(૭) UGC, New Delhi દ્વારા તા. ૬/૯/૧૯ થી પ્રસિધ્ધ કરવામાં આવેલી નુતન માર્ગદર્શિકામાં કરવામાં આવેલી જોગવાઇઓ મુજબ શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓની નિમણુંકલક્ષી પ્રક્રિયા અંગે વિચારવિમર્શના અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ કે UGC:HRDC સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે UGC તરફથી મંજુર કરવામાં આવેલ તમામ બિનશૈક્ષણિક કર્મચારીઓની કરાર આધારિત નિમણૂંક કરવી વધુમાં ઠરાવવામાં આવ્યું કે કરાર આધારિત નિમણુંક માટે UGC:HRDC ને અધિકાર આપવા માટેનો લેખિત પત્ર કુલસચિવશ્રીએ નિયામકશ્રીને પાઠવવો.

(૮) UGC:HRDC ખાતે સંપન્ન થતા વિવિધ કાર્યક્રમો માં વિષય નિષ્ણાંતશ્રીઓ ને નિમંત્રીત કરવામાં આવે તે યાદી અધ્યતન કરવી અને કેટલાંક અન્ય વિષય નિષ્ણાંતશ્રીઓનો તેમાં સમાવેશ કરવો.

(૯) UGC+RUSA+NRC દ્વારા UGC:HRDC ને પ્રાપ્ત થયેલા અનુદાન અંતર્ગત થયેલા ખર્ચની નોંધ લેવામાં આવી અને સદરહું ખર્ચની વિગતો નાણાકીય વર્ષ અનુસાર એટલે કે (૧-૪ થી ૩૧-૩ મુજબ) તૈયાર કરી આગામી બેઠકમાં રજૂ કરવું તેવું ઠરાવવામાં આવે છે.

(૧૦) UGC:HRDC ની સઘળી ઓડીટ પ્રક્રિયા તા. ૧/૪/૨૦૨૦ થી શરૂ થતાં નવા નાણાંકીય વર્ષથી C.A મારફત કરાવવી. C.A ની નિમણુંક માટે અલગથી નોંધ રજુ કરી કુલપતિશ્રીના આદેશો મેળવવા આથી ઠરાવવામાં આવે છે.

(૧૧) UGC:HRDC પરિસર સ્થિત વીર સાવરકર વનના જતન માટે કરાવવામાં આવેલ પાણીના બોરમાં સબમર્શિબલ ઉતારવા અંગે સ્થાનિય ખરીદી માટે નિયામકશ્રીએ યોગ્ય નિર્ણય લેવો તેવુ ઠરાવવામાં આવે છે.

(૧૨) UGC:HRDC દ્વારા સંપન્ન થતા કાર્યક્રમોમાં પ્રતિભાગીઓને નિવાસ + ભોજન ઉપલબ્ધ કરાવવા માટેની વ્યવસ્થા હેતુ નિયામકશ્રીએ વિવેકાધિન નિર્ણય લેવો તેવુ ઠરાવવામાં આવે છે.

(૧૩) UGC:HRDC ખાતે એડમીન વિંગ તૈયાર કરવા માટે થનાર સંભવિત ખર્ચની વિગતો સાથે ડ્રોઇંગ આગામી બેઠકમાં રજૂ કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧૪) UGC ની માર્ગદર્શિકા અનુસાર સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોના અધ્યાપકો માટે Induction Programme/Orientation Programme/Refresher Course ફરજીયાત કરવા માટે યોગ્ય પરિપત્ર યુનિવર્સિટી કક્ષાએથી કરવા માટેની બાબતે આગામી બેઠકમાં નિર્ણય અર્થે રજૂ કરવી એવુ ઠરાવવામાં આવે છે.

મંજૂર 19/7/21

(પ્રોફે. કલાધર આર્ય)
પ્રોફેસરઃ ડાયરેક્ટર